દર ગુરુવારે પ્રસિદ્ધ થતું સામયિક

FREE DISTRIBUTION

www.gyanvrudhi.info

DATE : 30-APRIL-2020
THURSDAY
TOTAL PAGES : 4
RNI No : GUJGUJ/2016/71456


# જ્ઞાનવૃદ્ધિ

## ન જાણતા હોવ તો જાણો, જાણતા હોવ તો જ્ઞાનમાં વૃદ્ધિ કરો


GYAN VRUDHI : WEEKLY, EDITOR & PUBLISHER : HEMANT YOGESHBHAI JOSHI, YEAR : 3, VOLUME : 1, ISSUE : 121.


### ગુરુ સંદેશ

**સેવા અને વેઠ**

સેવા કરવાથી દેહાભિમાન ટળે.  દેહાભિમાન ટળે એટલે દોષમાત્ર ટળી જાય.
ખમી ખાવું એ મોટી સેવા છે. આજ્ઞાથી કરીએ તે આજ્ઞા ભેગી મૂર્તિ આવે છે. શુભ સંકલ્પ થાય સુખ વર્ત્યા કરે એ મૂર્તિ.
પ્રેમથી, મહિમાથી કરીએ તે સેવા, 'આવી પડ્યુ' ને 'કરવુ પડશે' એ વેઠ.
ભગવાન ને સંત માટે થોડુ કરીએ તો અતિ રાજીપો થઈ જાય.
લોકમાં સગાં, વેવાઈ, જમાઈ બધાને રાજી રાખવા કેટલુ કરવુ પડે છે ! તો ય તે રાજી તો ન જ થાય !!
અને ભગવાન ને સંત આટલી (થોડી) સેવામાં રાજી થઈ જાય.
એ રાજી થયા એટલે અક્ષરધામનું સુખ મળી ગયુ.

- પ.પૂ.બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ.

### તંત્રીસ્થાનેથી...

અમને આપ સૌ વાચકોને જણાવતાં આનંદ થાય છે કે 'જ્ઞાનવૃદ્ધિ' નામનુ આ સામયિક સર્વેને ઉપયોગી રહેશે અને દિન-પ્રતિદિન આવતી નવી માહિતીઓ, સમાચારો અને જાહેરાતો દ્વારા તમને માહિતગાર કરતુ રહેશે.

આ પુસ્તિકામાં જ્ઞાન અને બુદ્ધિ વધે તેવા કોમ્પ્યુટર, મેનેજમેન્ટ, આરોગ્ય તથા એન્જીનીયરીંગ જેવા વિવિધ ક્ષેત્રોને લગતી માહિતીનો સમાવિષ્ટ કરવામાં આવશે.

આ પુસ્તિકામાં ૨૫(પચીસ)થી પણ વધારે આવરી લેવાતા મલ્ટીમીડિયા રીલેટેડ સોફ્ટવેરનું માર્ગદર્શન આપવામાં આવશે જેમાં બધા જ પાના રંગીન હોવાના કારણે સરળતાથી સમજી શકાશે.

આજના યુગમાં ધંધા તથા વ્યવસાયની પરિભાષા બદલાઈ રહી છે. ઓફલાઈનથી માંડી ઓનલાઈન પર પણ ખરીદારો અને વ્યાપારીઓ ફંટાઈ રહ્યા છે, તેવામાં ઓનલાઈન ધંધા-વ્યવસાયની માહિતી કેવી રીતે મેળવવી અને મેનેજમેન્ટ કેવી રીતે કરવું, અને જે ધંધો કે વ્યવસાય કરો તેના કાયદા શું છે અને તેમાં ભારત સરકાર તથા રાજ્ય સરકાર કેવી રીતે મદદરૂપ થાય છે તેની માહિતીનો સમાવેશ કરવાનો સંનિષ્ઠ પ્રયત્ન કરવામાં આવશે જે તમને ધંધા-વ્યવસાય કરવામાં મદદરૂપ રહેશે.

- હેમંત યો. જોષી.


પાના નં. ૩ પર


**હવે નોકરીની ચિંતા છોડો સ્પેશિયલાઈઝેશન ઈન ગ્રાફિક્સ અને એનીમેશનનાં કોર્સમાં જોડાઓ. એડમિશન વખતે એપોઈન્ટમેન્ટ લેટર મેળવો.**


વધુ વાંચો પાના નં : ૩ પર...



રેફર કરો, રૂપિયા કમાઓ...
www.rupiyakamao.com
સભ્યપદ વિનામૂલ્યે


**હવે આ સામયિક ને તમે તમારા મોબાઈલ પર પણ જોઈ શકશો.**

આ માહિતીસભર સામયિક વિનામુલ્યે આપને મળ્યું હોવાથી તેને ધ્યાનથી વાંચશો. આ માહિતીસભર સામયિકમાંથી જો તમે શીખી લીધુ હોય અને તમારા માટે નકામી હોય તો તેને પસ્તીમાં કે કચરામાં કે ફાડી ન દેતા, એવા વ્યક્તિને આપજો કે જે આ પુસ્તિકાનો ઉપયોગ કરી શીખી શકે.

જ્ઞાનવૃદ્ધિ

જો તમને આ સામયિક ન મળે અથવા ચૂકી જાવ તો તેને અમારી વેબસાઈટ પરથી પણ જોઈ શકાશે.
www.gyanvrudhi.info


પાના નં. ૨ પર


**કોરોના સામેનો જંગ સૌ સાથે મળીને જીતીશું : મુખ્યમંત્રીશ્રી**


વધુ વાંચો પાના નં : ૨ પર...


**કોરોનાની સારવારમાં પ્લાઝમા ના ઉપયોગની ગુજરાતની ઐતિહાસિક પહેલ ને દરદીનો પ્રોત્સાહક પ્રતિભાવ**


વધુ વાંચો પાના નં : ૨ પર...



પાના નં. ૨ પર


**સમરસ હોસ્ટેલ માં સારવાર લઈ રહેલા કોરોના પોઝિટિવની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર શરૂ કરાઇ**


વધુ વાંચો પાના નં : ૨ પર...


**NIC દ્વારા કોરોના વાયરસ અંતર્ગત દેશવ્યાપી ટેલિફોનિક સરવે હાથ ધરવામાં આવશે**


વધુ વાંચો પાના નં : ૨ પર...



પાના નં. ૪ પર


**અભિનય કળા શીખવા ઈચ્છતી વ્યક્તિઓને અભિનય ક્ષેત્રે કારકિર્દી બનાવવાની અને લોકોના દિલ-દિમાગ પર છવાઈ જવાની તક.**


વધુ વાંચો પાના નં : ૪ પર...



પાના નં. ૩ પર


**ખાદ્ય પદાર્થની સાચવણી**


વધુ વાંચો પાના નં : ૩ પર...


**ભારતમાં જાહેર ક્ષેત્રના એકમો**


વધુ વાંચો પાના નં : ૩ પર...



પાના નં. ૪ પર


**જાણો સવારે મોતની સજા કેમ આપવામાં આવે છે? જલ્લાદ કેમ બોલે છે, હું આદેશનો ગુલામ છું, ૬ ખાસ વાત**


વધુ વાંચો પાના નં : ૪ પર...


**ગેસ માસ્કનો શોધક - ગેરેટ ઓગસ્ટસ મોર્ગન**


વધુ વાંચો પાના નં : ૪ પર...

ગુજરાતની વર્તમાન પરિસ્થિતિ પર સરકારની પળેપળ નજર છે

# કોરોના સામેનો જંગ સૌ સાથે મળીને જીતીશું : મુખ્યમંત્રીશ્રી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રુપાણીએ આજે ગુજરાતની જનતાને સોશિયલ મીડિયાના માધ્યમથી સંબોધન કરતાં જણાવ્યું કે, કોરોના સામેનો જંગ સૌ સાથે મળીને જીતીશું. રાજ્ય સરકારની કોરોનાની પરિસ્થિતિ પર પળેપળની નજર છે અને વર્તમાન સ્થિતિ વણસે નહીં તે માટે પણ રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

કોરોનાના કપરા કાળમાં ગુજરાતની જનતાએ જે રીતે સહકાર આપ્યો છે તેની પ્રસંશા કરતા તેમણે કહ્યું કે, ગુજરાતની જનતાએ લોકડાઉનના સમયમાં સંમય, પરિપક્વતા અને સ્વયંશિસ્ત દાખવી છે તે અભિનંદનને પાત્ર છે.

તેમણે ઉમેર્યું કે, ઘણા સમયથી વિવિધ માધ્યમો દ્વારા રાજ્ય સરકારને પૂછાતા પ્રશ્નનો જવાબ આપવા માટે સોશિયલ મીડિયા ઉપયુક્ત માધ્યમ છે એટલે આ માધ્યમથી સ્પષ્ટ કરુ છું કે રાજય સરકારે કોરોનાના સંક્રમણની સ્થિતિને પહેલેથી ઓળખી આગોતરુ આયોજન કરી ૨૫,૦૦૦ બેડની વ્યવસ્થા કરી હતી. જે વિસ્તારોમાં કોરોના બેકાબૂ બન્યો તે વિસ્તારો હોટસ્પોટ જાહેર કર્યા અને એગ્રેસિવ ટેસ્ટિંગ કરી પોઝિટિવ કેસને અલગ તારવી તેમની તાત્કાલિક સારવાર કરવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, કોરોનાના ૭૦ થી ૮૦ ટકા કેસ અમદાવાદ, વડોદરા અને સુરતના છે. રાજ્ય સરકારે સામે ચાલીને ઘેર ઘેર જઈને કેસ શોધ્યા છે. ઘણા લોકોનો કોરોન્ટાઈન પિરિયડ પૂરો થયો છે અને રાજ્યમાં રિકવર થયેલા લોકોનો આંક ૧૦૦ ઉપર પહોંચ્યો છે, તે આનંદની વાત છે.

તેમણે કહ્યું કે, કોરોનાનો એક પોઝિટિવ કેસ અંદાજે ૪૦૦ વ્યક્તિને ચેપ લગાડી શકે છે તેવા સમયે કરફ્યૂ ન લગાડ્યો હોત તો હાલત બદથી બદતર થઈ હોત, તેથી લોકડાઉન અને કરફ્યૂ પ્રજાજનોના હિત માટે લગાવવામાં આવ્યા છે, જેને લીધે કોરોનાનું સંક્રમણ અટક્યું છે.

તેમણે કોરોનાથી ન ગભરાવાની અપીલ કરતા લોકોને કહ્યું કે, કોરોનાના ૮૫ ટકાથી વધુ કેસમાં લોકો સાજા થયા છે અને બાકીના ૧૫ ટકામાંથી મૃત્યુદર ૩ થી ૪ ટકા છે.

તેમણે કહ્યું કે, ગુજરાતમાં જે પણ મૃત્યુ થયા છે તેમાં મોટાભાગના ડાયાબિટિસ, બ્લડપ્રેશર અને કેન્સરના દર્દીઓ હતા, જેને તબીબી ભાષામાં કૉ-મોર્બિડ કહે છે. આ દર્દીઓની રોગપ્રતિકારક શક્તિ ઘટી ગઈ હતી એટલે જ આપણે તેને વધારવા પર ભાર મૂકી રહ્યા છે.

રાજ્યમાં આગોતરુ આયોજન કરી અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ૧,૨૦૦, એસવીપીમાં ૫૦૦ અને સુરત, વડોદરા, રાજકોટમાં ૨,૫૦૦ – એ રીતે આપણે ૯,૫૦૦ બેડ તૈયાર રાખ્યા હતા. આપણે માત્ર ૨,૫૦૦ કેસ સુધી જ પહોંચ્યા છીએ પણ આપણે ૯,૫૦૦ બેડની વ્યવસ્થા રાખી છે. યુદ્ધના ધોરણે રાજ્યમાં ડેડિકેટેડ, હોસ્પિટલ, કેર સેન્ટર ઉભા કરીને આવનારા દિવસોમાં ૨૫,૦૦૦ બેડની વ્યવસ્થા રાખી છે.

શ્રી વિજયભાઈએ કહ્યું કે, કોરોનાના કેસમાં સરકારી હોસ્પિટલમાં સારવારનો બધો ખર્ચ રાજ્ય સરકાર ઉપાડે છે. આ ઉપરાંત અમદાવાદમાં ત્રણ ખાનગી હોસ્પિટલને પણ સારવારની મંજૂરી આપવામાં આવી છે.

તેમણે કહ્યું કે, ગુજરાતે કોવીડની સારવાર માટે અત્યંત આવશ્યક એવા વેન્ટિલેટરનું ઉત્પાદન પણ જ્યોતિ સીએનસીની મદદથી રાજ્યમાં જ ઉત્પાદિત કરી મેઈક ઈન ઈન્ડિયાનું સપનુ સાકાર કર્યુંછે.

## આગોતરુ આયોજન કરી રાજ્યમાં ૨૫,૦૦૦ બેડની વ્યવસ્થા ઉભી કરી છે

# NIC દ્વારા કોરોના વાયરસ અંતર્ગત દેશવ્યાપી ટેલિફોનિક સરવે હાથ ધરવામાં આવશે

કોરોના વાયરસના વધતા જઈ રહેલા સંક્રમણની શક્યતાઓ તપાસવા નેશનલ ઈન્ફોર્મેટીક્સ સેન્ટર દ્વારા દેશવ્યાપી સરવે હાથ ધરવામાં આવશે. તમામ મોબાઈલધારકોના ફોન પર ૧૯૨૧ નંબર પરથી ફોન કરવામાં આવશે, જેમાં સાચી માહિતી અને પ્રશ્નોના સાચા જવાબ આપી સરકારશ્રીની જાહેર આરોગ્યલક્ષી ઝુંબેશમાં સહભાગી થવા અનુરોધ છે. કેન્દ્ર સરકાર દ્વારા જાહેર આરોગ્યને અસર કરતાં કોરોના વાયરસના સંક્રમણનો વધી રહેલો વ્યાપ, વ્યાપક લક્ષણો અને તેના વિવરણ માટે દેશવ્યાપી સરવે હાથ ધરવામાં આવ્યો છે. નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર દ્વારા ૧૯૨૧ નંબર પરથી તમામ મોબાઈલધારકોને ફોન કરી તેમના આરોગ્યને લગતા પ્રશ્નો પૂછવામાં આવશે તથા જરૂરી વિગતો મેળવવામાં આવશે.

# કોરોનાની સારવારમાં પ્લાઝમા ના ઉપયોગની ગુજરાતની ઐતિહાસિક પહેલ ને દરદીનો પ્રોત્સાહક પ્રતિભાવ

ગુજરાતે કોરોના કેસના દરદીઓની સારવારમાં પ્લાઝમા ના ઉપયોગની શરૂઆત કરીને સમગ્ર વિશ્વ અને દેશમાં આરોગ્ય સુખાકારી ક્ષેત્રે નવા કીર્તિમાન પ્રસ્થાપિત કર્યા છે. અમદાવાદ ના આવા બે દર્દીઓને કનવલસન્ટ પ્લાઝમા આપ્યા પછી બે દિવસે આજે આ બે દર્દીઓ જે અગાઉ ઓકિસજન પર હતા તેમની ઓકિસજન જરૂરિયાત અન્ય કંટ્રોલ ગ્રુપ કરતા ઓછી થઈ છે. આમ ગુજરાતે Covid ૧૯ ની સારવાર પદ્ધતિમાં પ્લાઝમા નો ઉપયોગ કરીને આ ઐતિહાસિક પહેલ દ્વારા નવા કીર્તિમાન સ્થાપિત કર્યા છે. આરોગ્ય અગ્ર સચિવ ડો.જયંતી રવિ એ આજે પ્રચાર માધ્યમો સમક્ષ આ વિગતો આપતા જણાવ્યું કે કોરોના ની સારવાર માં કોરોના પોઝિટિવ માંથી કોરોના નેગેટિવ થયેલા વ્યક્તિના પ્લાઝમા આપવાની શરૂઆત કરવાની ઐતિહાસિક પહેલ કરી છે . આ માટે ગુજરાત સરકારે ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા સમક્ષ આ અંગેની મંજૂરી આપવા રજૂઆત કરી હતી .ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાએ તારીખ ૧૭મી એપ્રિલે રાત્રે આ અંગે માર્ગદર્શિકા જાહેર કરી હતી અને સાથે ગુજરાતને મંજૂરી પણ આપી હતી . ગુજરાતે એક પણ દિવસનો વિલંબ કર્યા વિના તારીખ ૧૮મી એપ્રિલે કોરોના પોઝિટિવ માંથી નેગેટીવ થયેલા દર્દીના પ્લાઝમા કલેક્ટ કર્યા હતા અને જરૂરી તમામ પરીક્ષણો કર્યા હતા. પ્લાઝમા દાતા તરફથી મળેલા કન્વલ્સન્ટ પ્લાઝમા અમદાવાદની એસવીપી હોસ્પીટલ માં કૉવીડ ૧૯ ની સારવાર લઈ રહેલા બે દર્દીઓ એક ૫૦ વર્ષના પુરુષ અને ૫૦ વર્ષના એક મહિલા દર્દીને આપવામાં આવ્યા હતા. આજે બે દિવસ પછી આ બેય દરદીઓની ઓકિસજન ની જરૂરિયાત અન્ય કંટ્રોલ ગ્રુપ ની સરખામણીમાં ઓછી થઈ છે. આમ ગુજરાતે Covid ૧૯ ની સારવાર પદ્ધતિમાં પ્લાઝમા નો ઉપયોગ કરીને આ ઐતિહાસિક પહેલ દ્વારા નવા કીર્તિમાન સ્થાપિત કર્યા છે.

# સમરસ હોસ્ટેલમાં સારવાર લઈ રહેલા કોરોના પોઝિટિવની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર શરૂ કરાઇ

કોરોનાની બીમારી ને નાથવા સમગ્ર તંત્ર કટિબદ્ધ થઈને કાર્ય કરી રહ્યું છે. નિયામકશ્રી આયુષાની કચેરી ગાંધીનગરએ કોરોનાના લક્ષણ ન ધરાવતા હોય તેવા કોવિડ કેર સેન્ટર સમરસ હોસ્ટેલ ખાતે સારવાર લઈ રહેલા કોરોના પોઝિટિવ ની આયુર્વેદિક પદ્ધતિથી ઉપચાર. શરૂ કર્યો છે. વૈદ્ય ભવના પટેલ નિયામકશ્રી આયુષએ જણાવ્યું છે કે આયુર્વેદિક પદ્ધતિના ઉપચારને વૈષ્વિક માન્યતા મળી છે. તથા વાઈરસ જન્ય રોગોમા પ્રિવેન્શન કામગીરીમાં પણ સારા પરિણામ મળી રહ્યા છે ત્યારે લક્ષણ ન ધરાવતા કોરોના પોઝિટિવ માં રોગપ્રતિકારક શક્તિ વધારવા નું પણ એટલું જ જરૂરી છે ત્યારે અમદાવાદ શહેરની કોવિડ કેર સેન્ટર સમરસ હોસ્ટેલ માં કોરોનાના લક્ષણ ન ધરાવતા પરંતુ પોઝિટિવ દર્દી તરીકે સારવાર લઈ રહેલા વ્યક્તિઓને આજથી આયુર્વેદિક પદ્ધતિથી પણ ઉપચાર શરૂ કરાયો છે. કામગીરી ચાલુ કરેલ છે


## 'જ્ઞાનવૃદ્ધિ' સામયિકનો ઉપયોગ કેવી રીતે કરશો ?



(૧) તમને મળતા 'જ્ઞાનવૃદ્ધિ'ના તમામ અંકોને એક ફાઈલમાં ભેગા કરવા.
(૨) જે તે વિષયની માહિતી કે જાણકારીને ક્રમમાં ગોઠવીને વાંચવી.
(૩) જો કોઈ વખત તમને આ જ્ઞાનવૃદ્ધિ સામયિક તમને ન મળે તો 'જ્ઞાનવૃદ્ધિ' ની વેબસાઈટ પરથી પણ તમે જોઈ શકશો.
(૪) જ્ઞાનવૃદ્ધિ સામયિકને તમે મોબાઈલમાં પણ જોઈ શકાશે.

www.gyanvrudhi.info

૧૪ પ્રકારના ક્ષેત્રોમાંથી કમાવા માંગો છો ? જો હા... તો... વિઝીટ કરો.

www.rupiyakamao.com

# ખાદ્ય પદાર્થની સાચવણી

ખાદ્ય પદાર્થની સાચવણી એ ખોરકને સૂક્ષ્મજંતુઓ દ્વારા બગડતો અટકાવતા કે બગાડની પ્રક્રિયાને ધીમી કરતી પ્રક્રિયા અને વ્યવસ્થાને કહેવાય છે. કેટલીક પદ્ધતિઓમાં, હિતકારક બેક્ટેરિયા, યીસ્ટ કે ફૂગને ખોરાકમાં ખાસ ગુણવત્તા અને સાચવણી માટે ઉમેરવામાં આવે છે (ઉદાહરણ માટે, ચીઝ, વાઇન). ખોરાક તરીકે તેના ગુણને ટકાવી રાખવા કે પોષણ સંબંધી ગુણોનું નિર્માણ કરવું, તેની બનાવટ અને સ્વાદ માટે મહત્વપૂર્ણ છે. આ વાત અલગ અલગ સંસ્કૃતિ માટે અલગ અલગ હોય શકે, એક સંસ્કૃતિ માટે જે અનુરૂપ ખોરાકની યોગ્યતા હોય તે અન્ય સંસ્કૃતિ માટે અયોગ્ય પણ હોઈ શકે.

મોટાભાગની જાળવણી બેક્ટેરિયા, ફૂગ અને અન્ય સૂક્ષ્મજંતુઓની વૃદ્ધિને અટકાવવા સાથે જોડાયેલી છે, સાથે જ તે ચરબીના ઓક્સિડેશન, જે બગડવા માટે કારણભૂત હોય છે તેને પણ ધીમું પાડે છે. તેમાં પ્રાકૃતિક આયુષ્યને અટકાવવાની અને ખોરાકને બનાવતી વખતે તેના રંગને બદલતો અટકાવો (ઉદાહરણ તરીકે સફરજનને કાપ્યા પછી તેની એન્જેમાટીકથી કથ્થઈ થઈ જવું) પણ સમાવિષ્ટ છે. કેટલીક જાળવણીની પદ્ધતિઓમાં ખોરાકને પ્રક્રિયાબાદ સૂક્ષ્મજંતુઓથી થતી દૂષિતતાને અટકાવવા માટે સજ્જડ બંધ કરવું પણ જરૂરી હોય છે, અન્ય પદ્ધતિઓ જેવી કે સૂકવણીમાં, ખોરાકને કોઈ ખાસ વસ્તુમાં સંગ્રહ કર્યા સિવાય પણ લાંબા સમય સુધી રાખી શકાય છે.

આ પ્રક્રિયાની સામાન્ય પદ્ધતિઓમાં સૂકવણી, સ્પ્રે સૂકવણી, ઠંડું પાડીને સૂકવવું, ઠંડુ પાડવું, વેક્યુમ-પેકિંગ, ડબ્બામાં ભરવું, ચાસણી દ્વારા સાચવણી, ખાંડનું સ્ફટિકરણ, આહાર ઈરેડિયેશન, અને સાચવતા પદાર્થોને ઉમેરવા કે કાર્બન ડાયોક્સાઈડ જેવા મંદ ગેસના ઉપયોગનો સમાવેશ થાય છે. અથાણું, મીઠું ભરવું, ધુમાડો દેવો, ચાસણીમાં કે દારૂમાં નાખીને જાળવણી કરવી, ખાંડ સ્ફટિકરણ અને કરીઈંગ જેવી અન્ય પદ્ધતિઓ ખોરાકની સાચવણીમાં મદદરૂપ થવાની સાથે, તેમાં સ્વાદ પણ ઉમેરે છે.

જાળવણીની પ્રક્રિયાઓ :

૧) સૂકવણી

સૂકવણી, ખોરાકની સાચવણીની સૌથી જૂની પદ્ધતિઓમાંની એક છે, જે પાણીની ગતિવિધિને ઘટાડીને બેક્ટેરિયાની વુદ્ધિને સારી રીતે રોકે કે ઘીમી પાડે છે.સૂકવવાથી તેનું વજન પણ ઘટે છે

૨) ઠંડું પાડવું

વિશાળ વિવિધતાવાળા ખોરાકની જાળવણી માટે વ્યાપારી અને ઘરગુથ્થુ પ્રક્રિયાઓમાં ખોરાકને ઠંડો પાડવાની પ્રક્રિયાનો ઉપયોગ ખૂબ જ સામાન્ય છે, જેમાં રાંધેલા ખોરાકની ચીજોનો પણ સમાવેશ થાય છે જેને બનાવ્યા પહેલા ઠંડા પાડવાની જરૂર નથી હોતી. ઉદાહરણ તરીકે, બટાકાની વેફરને ઠંડામાં સાચવવામાં આવે છે, પણ બટાકાને ખાલી ઠંડી અંધારાવાળી જગ્યા કેટલાય મહિનાઓ માટે જાળવણી માટે રાખવામાં આવે છે. ધણા દેશો રાષ્ટ્રીય કટોકટી વખતે યુદ્ધમાં ઉપયોગી થાય તેવા ખોરાકના વિશાળ જથ્થાને લાંબા સમય સુધી ભંડારોમાં સાચવી રાખે છે.

૩) વાયુરહિત કરીને ભરવું (વેક્યૂમ પૅકિંગ)

મોટેભાગે એર ટાઈટ બેગ (હવાથી બંધ કોથળી) કે બરણીમાં, વેક્યૂમ પૅકિંગ દ્વારા સંગ્રહ કરેલો ખોરાક એક વાયુરહિત વાતાવરણમાં રહે છે. બેક્ટેરિયાને જીવવા માટે ઓક્સિજન મળવો જરૂરી હોય છે પણ વાયુરહિત વાતાવરણમાં ઓક્સિજન ન મળતા ખોરાકને બગાડવાની તેમની પ્રક્રિયા ધીમી થઈ જાય છે. વેક્યુમ પેકિંગનો સામાન્ય ઉપયોગ શિંગોનો સંગ્રહ કરવા માટે થાય છે જેથી ઉપચયનથી તેનો સ્વાદમાં ઘટાડો ના થાય.

૪) મીઠું

મીઠું કે કરીંગ માંસમાંથી ઝરતા રસની પ્રક્રિયા વખતે ભેજને ચૂસી લે છે. માંસને કર્ડેડ માટે મીઠા કે ખાંડ સાથે, કે બંન્નેની સાથે મેળવવામાં આવે છે નાઈટ્રેટ અને નાટ્રીટેસનો ઉપયોગ પણ માંસને સાફ કરવા માટે અને તેનો લાક્ષણિક ગુલાબી રંગને મેળવવા માટે કરવામાં આવે છે, તથા તે કલોસ્ટ્રીડીયમ બોટુલીનુમને અટકાવવામાં પણ સહાય કરે છે.

ખાંડ

ખાંડનો ઉપયોગ મુખ્યત્વે ફળોની જાળવણી માટે કરવામાં આવે છે, સફરજન, નાસપતી, પીચ, જરદાળુ, પ્લમ જેવા ફળોની સાથે ચાસણી તરીકે કે સ્ફટીકરણનો ઉપયોગ કરવામાં આવે, જ્યાં વસ્તુને ખાંડ સાથે ત્યાં સુધી રાંધવામાં આવે છે જ્યાં સુધી તેનું સ્ફટીકરણ ના થઈ જાય અને જે પરિણામ સ્વરૂપ પદાર્થ મળે છે તેને સૂકી રીતે સંગ્રહ કરી શકાય છે. આ પદ્ધતિનો ઉપયોગ ખટાશવાળા ફળોની છાલ (ફળોની છાલનો મુરબ્બો), એન્જલિક અને આદુ માટે કરવામાં આવે છે. આ પદ્ધતિમાં ફેરફાર કરીને ખાંડવાળા ફળનું ઉત્પાદન કરી શકાય છે જેમ કે ખાંડવાળી ચેરીઓ,

**વધુ આવતા અંકે...**

# ભારતમાં જાહેર ક્ષેત્રના એકમો

**જાહેર સાહસો વિભાગ, ભારત સરકાર દ્વારા નીચેના જાહેર સાહસોને સ્વાયત્તતા આપવામાં આવી છે.**

**મહારત્નની યાદી**

-કોલ ઈન્ડિયા લિમિટેડ
-ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન
-એનટીપીસી લિમિટેડ
-સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ
-ગેઈલ (ઈન્ડિયા) લિમિટેડ
-ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન
-ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ

**નવરત્નની યાદી**

-એન્જીનીયર્સ ઈન્ડિયા લિમિટેડ
-ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ
-ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન
-હિન્દુસ્તાન એરોનોટિક્સ
-હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન
-મહાનગર ટેલિફોન નિગમ લિમિટેડ
-નેશનલ એલ્યુમિનિયમ કંપની લિમિટેડ
-નેશનલ મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન
-નેવેલી લિગ્નાઈટ કોર્પોરેશન
-ઓઈલ ઈન્ડિયા
-પાવર ફાયનાન્સ કોર્પોરેશન
-કન્ટેનર કોર્પોરેશન ઑફ ઈન્ડિયા
-નેશનલ બિલ્ડિંગ કન્સ્ટ્રકશન કોર્પોરેશન
-પાવર ગ્રીડ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા
-રાષ્ટ્રીય ઈસ્પાત નિગમ લિમિટેડ
-રુરલ ઈલેક્ટ્રિફિકેશન કોર્પોરેશન
-શિપિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા

મિનિરત્ન-I ની યાદી

-એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા
-અંતરિક્ષ કોર્પોરેશન
-બાલમેર લૌરી એન્ડ કું લિમિટેડ
-ભારત કોકિંગ કોલ લિમિટેડ
-ભારત ડાયનેમિક્સ લિમિટેડ
-બિઈએમએલ લિમિટેડ
-ભારત સંચાર નિગમ લિમિટેડ
-બ્રિજ અને રૂફ કંપની (ઈન્ડિયા) લિમિટેડ
-સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશન
-સેન્ટ્રલ કૉલફિલ્ડ્સ લિમિટેડ
-ચેન્નઈ પેટ્રોલિયમ કોર્પોરેશન
-કોચિન શિપયાર્ડ લિમિટેડ
-ડ્રેજીંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા
-કમરજર પોર્ટ લિમિટેડ
-ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ ઍન્ડ એન્જિનિયર્સ લિમિટેડ
-ગોવા શિપયાર્ડ લિમિટેડ
-હિન્દુસ્તાન કોપર લિમિટેડ
-એચએલએલ લાઈફકેર લિમિટેડ
-હિન્દુસ્તાન ન્યૂઝપ્રિન્ટ લિમિટેડ
-હિન્દુસ્તાન પેપર કોર્પોરેશન
-હાઉસિંગ અને અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન
-ઈન્ડિયા ટૂરિઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશન
-ઈન્ડિયા ટ્રેડ પ્રમોશન ઓર્ગેનાઈઝેશન
-ઈન્ડિયન રૈર અર્થ લિમિટેડ
-ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટૂરિઝમ કોર્પોરેશન
-ઈન્ડિયન રિન્યુએબલ એનર્જી ડેવલપમેન્ટ એજન્સી લિમિટેડ

**વધુ આવતા અંકે...**


# હવે નોકરીની ચિંતા છોડો

**સ્પેશિયલાઈઝેશન ઈન ગ્રાફિક્સ અને એનીમેશનનાં કોર્સમાં જોડાઓ.**

## એડમિશન વખતે એપોઈન્ટમેન્ટ લેટર મેળવો

**૧૪ ગ્રાફિક્સ અને એનિમેશનના + ૧૨ સપોર્ટેડ સોફ્ટવેર શીખવાની તક.**

### કોર્સના મુખ્ય ફાયદા :

૧.એડમિશન વખતે એપોઈન્ટમેન્ટ લેટર, શરૂઆતનો પગાર રૂા. ૧૨,૦૦૦/-.
૨.લાયસન્સ વર્ઝન સોફ્ટવેર પર પ્રેક્ટીશ.
૩.હાઈ-કન્ફીગ્યુરેશનવાળી કોમ્પ્યુટર સીસ્ટમ. અદ્યતન ટેક્નોલોજી ધરાવતા સાધનો.
૪.અનુભવી ફેકલ્ટી દ્વારા માર્ગદર્શન.
૫.કોઈ વિદ્યાર્થી રેફર કરો તો પગારમાં ૧૦% વધારો મળશે.
૬.કોઈ વિદ્યાર્થી રેફર કરો તો પગારમાં ૫% કમિશન મળશે.
૭.પ્રથમ ૩૦ વિદ્યાર્થીને પ્રોફીટ શેરીંગનો લાભ.
૮.પ્રોફેશનલ ટ્રેનીગ દ્વારા ઓછા રોકાણમાં પોતાનો સ્ટુડિયો સેટ-અપ.

### કોર્સમાં કોણ જોડાઈ શકે ?

૧.કોલેજ કરતા વિદ્યાર્થીઓ
૨.ગૃહિણીઓ
૩.નોકરી કરવાની ઈચ્છા ધરાવતા તમામ.
૪.પોતાનો નવો ધંધો-વ્યવસાય શરૂ કરવા ઈચ્છતા તમામ.
૫.આઈ.ટી.આઈ, સાયન્સ, કોમર્સ,આર્ટસ, મેડીકલ, એન્જીનીયરીંગ કરતા તમામ.

કોર્સમાં જોડાવાની લાયકાત :
૧.કોમ્પ્યુટરનુ બેઝીક નોલેજ – ઇન્ટનેટ, ઈ-મેઈલ, એમ.એસ. ઓફીસનું નોલેજ.
૨.૧૮ વર્ષથી ઉપરની કોઈ પણ વ્યક્તિ.

**વધુ માહિતી માટે સંપર્ક કરો. 8306781161**

# અભિનેતા બની લોકોના દિલ-દિમાગ પર છવાઈ જવાની તક.

**અભિનય કળા શીખવા ઈચ્છતી વ્યક્તિઓને અભિનય ક્ષેત્રે કારકિર્દી બનાવવાની તક.**

## જ્ઞાનવૃદ્ધિ એટલે...

**જ્ઞાનની સાથે આપના ધંધા-વ્યવસાયની જાહેરાત કરવાનું અસરકારક માધ્યમ**

આ પુસ્તિકા વિનામુલ્યે દર ગુરૂવારે પ્રસિદ્ધ થશે જે ૨૫,૦૦૦થી પણ વધારે વાચકો સુધી પહોચશે જેના દ્વારા આપના ધંધા-વ્યવસાયની માર્કેટીંગ અને પબ્લીસીટીની વ્યુહરચનાને વધુ અસરકારક બનાવે છે.

વેબસાઈટ પર પણ તમારી જાહેરાત

નાના બાળકોથી લઈને વડીલોને પણ ઉપયોગમાં આવે તેવી માહિતી તથા માર્ગદર્શન આ પુસ્તિકાને જીવીત રાખશે.

જયારે જયારે વાચક આ પુસ્તિકા વાંચશે ત્યારે તેમની નજર આપના ધંધા-વ્યવસાયની જાહેરાત પર પણ પડશે.

લાંબાગાળા સુધી આપની જાહેરાત ટકાવી રાખવા માટે

**જાહેરાત માટે સંપર્ક : 8306781161**

## કોર્સના મુખ્ય ફાયદા :

૧. એસોસીએટ ફર્મની એડફિલ્મમાં વિવિધ રોલ ભજવી કુલ ૨૮ એડફિલ્મોમાં લીડિંગ રોલ.
૨. ૨૮ એડફિલ્મો બાદ કાર્પોરેટ એડફિલ્મોમાં લીડિંગ રોલ - દરેક એડફિલ્મ દીઠ રૂા. ૧૦,૦૦૦/-.(બે વર્ષનો એગ્રીમેન્ટ)
૩. એસોસીએટ ફર્મના પેમ્ફલેટ તથા જાહેરાતોમાં તમારો ચહેરો છપાશે .
૪. એસોસીએટ ફર્મના સ્ટેજ શો તથા પ્રમોશનલ એક્ટીવીટીમાં એન્કરીંગ કરવાની તક. (પ્રથમ ૩ શો વિનામૂલ્યે ત્યારબાદ દરેક શો ના રૂા. ૧૦,૦૦૦/- મળશે.)
૫. કોઈ વિદ્યાર્થી રેફર કરો તો ૫% કમિશન મળશે.
૬. પ્રોફીટ શેરીંગનો લાભ.
૭. પ્રોફેશનલ ટ્રેનીગ દ્વારા ઓછા રોકાણમાં પોતાનો એક્ટીંગ સ્ટુડિયો સેટ-અપ.

**વધુ માહિતી માટે સંપર્ક કરો. 8306781161**


# જાણો સવારે મોતની સજા કેમ આપવામાં આવે છે? જલ્લાદ કેમ બોલે છે, હું આદેશનો ગુલામ છું, ૬ ખાસ વાત

આપણા દેશમાં સૌથી વધુ ભયંકર ગુનાઓ માટે મૃત્યુ દંડ છે. ભારત સિવાય અન્ય દેશોમાં પણ મોતની જાય છે, પરંતુ પદ્ધતિઓ બદલાય છે. ભારતમાં હંમેશાં સવારે મૃત્યુ દંડ આપવામાં આવે છે પણ તરીકા જુદા-જુદા હોય છે. ભારતમાં ફાંસીને સજા હમેશા સવારે કેમ ફાંસી આપવામાં આવે છે તે અમે તમને જણાવીશું. આવો જાણી આખરે ફાંસીના સમયે શું-શું હોય છે. અમે તમને જણાવીશ કે ફાંસી પર સવારના સમયે જ શા માટે લટકવવામાં આવે છે.

**૧. સવારના સમયે જ આપવામાં આવે છે ફાંસી :**

લટકાવવાનો સમય સવારે નક્કી કરવામાં આવે છે કારણ કે જેલના તમામ કામ જેલના માર્ગદર્શિકા હેઠળ સૂર્યોદય પછી કરવામાં આવે છે. ફાંસીના કારણે આ સમય પસંદ કરવામાં આવ્યો છે જેથી જેલના બાકીના કાર્યોને અસર ન થાય.

**૨. ફાંસી આપતા પહેલાં જલ્લાદ બોલે છે મને માફ કરવું:**

જલ્લાદ કહે છે કે મને ફાંસી આપતા પહેલા માફ કરી દો. હિન્દુ ભાઈઓને રામ-રામ, મુસ્લિમ ભાઈઓને સલામ, આપણે શું કરી શકીએ અમે તો હુક્મના ગુલામ છે.

**૩. કેટલા સમયે માટે ફાંસી પર લટકે છે શરીર**

મૃતદેહને કેટલો સમય ફાંસી આપવામાં આવે તે માટે કોઈ સમય નક્કી નથી. પરંતુ જે આરોપીને ફાંસી આપવામાં આવી છે તેને લગભગ ૧૦ મિનિટ લટાકાવાય છે. ફાંસીના ૧૦ મિનિટ પછી તબીબી ટીમ શરીરની તપાસ કરે છે.

**૪. ફાંસીના સમયે આ લોકોની હાજરી જરૂરી છે :**

એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, જેલ સુપ્રિટેન્ડન્ટ અને ફાંસી આપતી વખતે હાજર રહેવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમાંથી કોઈને પણ અભાવને લીધે ફાંસી આપી નહી શકાય. આમ પણ બધાને પહેલાથી જ ફાંસીનો સમય જણાવી નાખે છે. જો કોઈ રીતના ઈમરજંસી નહી હોય તો આ લોકો તે સમયે પહેલાથી જ ત્યાં પહોંચી જાય છે.

**૫. ફાંસીના સજા પછી જજ પેનની નિબ તોડે છે**

ઘણી વાર ફિલ્મોમાં જોવા મળ્યું છે કે સજા સંભળાવ્યા પછી ન્યાયાધીશો પેનની નિબ તોડી નાખે છે. તે જ રીતે, દેશના કાયદામાં ફાંસી સજા સૌથી મોટી સજા હોય છે. તેથી જજ તે સજાને આપ્યા પછી પેનની નિબ તોડી નાખે છે જેથી તેનો ફરી ઉપયોગ ન થઈ શકે.

**૬. છેલ્લી ઈચ્છા પૂછવામાં આવે છે :**

ફાંસી આપતા પહેલા જેલ પ્રશાસન આરોપી પાસેથી અંતિમ ઈચ્છા પૂછે છે, જે જેલની અંદર છે અને જેલના માર્ગદર્શિકા હેઠળ છે, તેના પરિવારને મળવા માટે, જો તમને કોઈ ખાસ વાનગી ખાવાની ઈચ્છા હોય અથવા કોઈ ધાર્મિક પુસ્તક વાંચવાની ઈચ્છા હોય, તો ઈચ્છા જેલના વહીવટી તંત્રના માર્ગદર્શિકામાં હોય તો તેઓ તેને પૂર્ણ કરે છે. નહીં તો ના પાડીએ છે.


www. rupiyakamao .com માં આવેલ e-store દ્વારા વિવિધ વસ્તુઓનું વેચાણ કરો અને રૂપિયા કમાઓ. આ e-store માં ઈલેક્ટ્રોનિક્સ, ઈલેક્ટ્રીકલ, વિવિધ બ્રાન્ડના મોબાઈલ તથા એસેસરીઝ, રેડીમેડ ગારમેન્ટ્સ, ગીફ્ટ આર્ટીકલ્સ, કોસ્મેટીક્સ અને શૃંગારની આઈટમ્સ, ઘડિયાળો, બુક્સ, ફર્નિચર, ક્રોકરી આઈટમ્સ, હોમ એપ્લાયન્સીસ, ડેકોરેટીવ ઝુમ્મર નું વેચાણ કરી રૂપિયા કમાઈ શકશો.

ADD WINGS TO YOUR CAREER... WINGS MULTIMEDIA EDUCATION AN ISO 9001 : 2008 CERTIFIED INSTITUTE


# ગેસ માસ્કનો શોધક - ગેરેટ ઓગસ્ટસ મોર્ગન

શ્વસન તંત્રના રોગોથી બચવા માટે શ્વાસમાં શુદ્ધ હવા લેવાય તે જરૂરી છે. પ્રદૂષિત વાતાવરણમાં હવામાં ધૂળના રજકણો સહિત ઘણી અશુધ્ધિ હોય છે. આ અશુદ્ધિ શ્વસનતંત્રના રોગો કરે છે તેનાથી બચવા માસ્ક પહેરવા જોઈએ.વળી લેબોરેટરી કે અન્ય રાસાયણિક કારખાનાઓમાં, ગેસ લીકેજ વખતે ઝેરી ગેસથી બચવા પણ વિશિષ્ટ પ્રકારના માસ્ક ઉપયોગમાં લેવાય છે. ગેસ માસ્કની શોધ અમેરિકન વિજ્ઞાની મોર્ગને કરેલી.ગેરેટ મોર્ગનનો જન્મ અમેરિકાના સિનસિનેટી શહેરમાં ઈ.સ. ૧૮૭૭ના માર્ચની ચોથી તારીખે થયો હતો.ગરીબ પરિવારમાં જન્મેલા મોર્ગનને બાળવયમાં જ જમીનદારને ત્યાં નોકર તરીકે કામ કરવું પડેલું. એટલે તેને ભણવાની તક મળી નહોતી. યુવાન વયે તે નોકરીની શોધમાં કિલવલેન્ડ ગયો અને ત્યાં સિલાઈ મશીન રિપેરિંગનું કામ કરવા લાગ્યો. ધીમે ધીમે તેણે દરજીની દુકાન શરૂ કરી. આ દરમિયાન અકસ્માત જ તેને એવું એક રસાયણ મળ્યું કે જેમાં કપડા પલળવાથી કડક થઈ જતાં. આ રસાયણનો ઉપયોગ કરીને તેણે ગેસ માસ્ક બનાવ્યા. તેના ગેસ માસ્ક ધૂમાડા સામે રક્ષણ આપતા. ૧૯૧૬માં એક વિસ્ફોટ વખતે આ ગેસ માસ્કનો વ્યાપક ઉપયોગ થયો અને તે સમગ્ર અમેરિકામાં પ્રસિદ્ધ થઈ ગયો. સરકારે તેને સુવર્ણચંદ્રક એનાયત કર્યો. મોર્ગન વિજ્ઞાની નહોતો પરંતુ તેણે ગેસ માસ્ક ઉપરાંત ટ્રાફિક સિગ્નલ લાઈટની શોધ પણ કરેલી. ૧૯૬૩ના જુલાઈની ૨૭ તારીખે તેનું અવસાન થયેલું.

**હવે આ સામયિક ને તમે તમારા મોબાઈલ પર પણ જોઈ શકશો.**


રેફર કરો, રૂપિયા કમાઓ...
**www.rupiyakamao.com**
સભ્યપદ વિનામૂલ્યે

રૂપિયા કમાવાનો નવો માર્ગ...
**www.rupiyakamao.com**
**સભ્યપદ વિનામૂલ્યે**

ગુજરાતી ભાષામાં જનરલ નોલેજની ક્વિઝ રમો, સરળ પ્રશ્નોનાં અન્ય કરતા વહેલા જવાબ આપો અને રોજ ઓછામાં ઓછા રૂા. ૧૦૦/- થી લઈને રૂા. ૨૪૦/- કમાવાની તક.

**www.rupiyakamao.com**



GYAN VRUDHI, DATE : 30-APRIL-2020, THURSDAY, YEAR : 4, VOLUME : 1, ISSUE : 121, TOTAL PAGES : 4.
OWNER, PRINTER, PUBLISHER & EDITOR : HEMANT Y. JOSHI, PRINTED AT ANUGRAH COMPUTERS & PRINTERS, G.I.D.C., SECTOR-28, GANDHINAGAR. PUBLISHED AT : 3519, AMBAJIMATANO PACHHAL NO VISTAR, NANI BHAGOL, AT & PO : PRANTIJ, TALUKA : PRANTIJ, 383205. DIST : SABARKANTHA. GUJARAT.